ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/૨૦૧૪/૬/3995-3[illegible]
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન, બ્લોકનં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તા:૨૬/૭/૨૦૧૪

વિષય:-ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલી બાબત.

<u>પરીપત્ર</u>

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૭૫/ક તા.૫/૭/૨૦૧૪ અન્વયે ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલી અંગેના નિયમોમાં સુધારો બહાર પાડવામાં આવેલ છે. સદર ઠરાવના ક્રમ-૨ અન્વયે શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવના પ્રકરણ(જ) તબીબી કારણોસર કરવાની બદલીઓના નિયમોમાં સુધારો કરેલ છે. જેમાં તબીબી કારણોસર બદલીની માંગણી કરાવવા ઇચ્છતા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકે દર્દીને થયેલ રોગ અસાધ્ય અને ગંભીર હોવાનું અધિકૃત કરેલ સ્થાયી તબીબી પંચનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર ખાતે કાર્યરત સ્થાયી તબીબી પંચને નિષ્ણાત તબીબી અભિપ્રાય આપવા અધિકૃત કરવામાં આવેલ છે. સ્થાયી તબીબી પંચ સિવીલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ, અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર ખાતે કાર્યરત છે.

અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર ચાર ઝોનમાં ઝોનવાર નીચે મુજબ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવે છે.

| ક્રમ | ઝોનનું નામ | ઝોનમાં સમાવીષ્ટ જિલ્લાઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠા |
| ૨ | વડોદરા | વડોદરા, પંચમહાલ, દાહોદ, આણંદ, ખેડા અને નર્મદા |
| ૩ | સુરત | સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી |
| ૪ | જામનગર | જામનગર, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર અને કચ્છ |

જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તેમના જિલ્લાના શિક્ષકોની અસાધ્ય રોગના કારણોસર બદલીની દરખાસ્ત કરવાના પ્રસંગે સંબંધિત ઝોનના સ્થાયી તબીબી પંચ પાસેથી નિષ્ણાત તબીબી અભિપ્રાય માટે અનૂકુળ તારીખ અને સમય અગાઉથી મેળવીને સંબંધિત દર્દીને તબીબી પરીક્ષણ માટે મોકલવાના રહેશે. તબીબી પરીક્ષણ કર્યા બાદ સ્થાયી તબીબી પંચનો અભિપ્રાય અને પ્રમાણપત્ર નિયત નમૂનામાં(નકલ સામેલ છે) અભિપ્રાય સાથે મોકલી આપવાના રહેશે.

સંબંધિત જિલ્લામાં સમાવીષ્ટ થયેલ નગર શિક્ષણ સમિતિના કીસ્સામાં જે તે જિલ્લાના ઝોન પ્રમાણે ઉપર મુજબની કાર્યવાહી સંબંધિત નગર શિક્ષણ સમિતિના શાસનાધિકારીશ્રીએ કરવાની રહેશે.

મેડીકલ બોર્ડના પ્રમાણપત્ર તેમજ નિયત નમૂનામાં અભિપ્રાય સિવાયની તબીબી કારણોસર બદલી કરાવવા ઇચ્છતા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીની દરખાસ્ત મોકલવાની રહેશે નહી.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,